₹ 20.00

# Welcare TODAY

## LIVE RIGHT, LIVE HEALTHY

A Patient Education Initiative by 'Arthritis Foundation'


Dr Bharat Mody with Michael Freeman, 1990

A Historical Joint...






Michael Freeman & Paul Samuelson, inventors of the Freeman Samuelson joint, 1985

Replaced with **sheer Skill** & **Experience**



# Contents


The Guru-Shishya Parampara Continues…..............2
Expertise & Experience Counts... ............................3
The Welcare family celebrates its Leader's birthday !3
ઈંગ્લેન્ડ માં જે સર્જરી શક્ય ના બની તે થઈ વેલકેર હોસ્પિટલ માં.. ૪
How much should we worry about Coronavirus?.....6
કાર્ડિઓપલ્મોનારી રિસસીટેશન, કોઈનો જીવ બચાવવાની કલા... ૭
વેલકેર હોસ્પિટલનો સ્વાસ્થ્ય અધિકાર દિવસ.................... ૮
ડૉ ક્ષિતિજ મોદી દ્વારા નિઃશુલ્ક તપાસ......................... ૮
Women's day Celebrations.......................................8
વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી ......................... ૮



This is to certify that
Dr. Kshitij Mody
has actively participated as a Delegate in
DOT 2020 - Knee Arthroplasty Conference
held in Ahmedabad, Gujarat
on 8th March 2020
Chief Co-ordinator

Academic Contributions: Page 2


COVID19- Should we worry? Page 6



Women's Day celebrations... Page 8

Issue No. 3 | Volume No. 5 | Published on 1 March 2020

# The Guru-Shishya Parampara Continues...











*The son and father pair of*
*'Young Surgeons'*
*happily display their certificates...*



It is indeed a unique situation where the *Guru* has the intensity of a father whilst teaching, and the *Shishya* has the devotion of a son whilst learning! This is the journey at Welcare Hospital over the last 10 months since the next generation surgeon Dr. Kshitij Mody joined the team of Dr. Bharat Mody. It was evident again when Dr. Bharat Mody was invited to give a keynote lecture in Ahmedabad on the role of digital technology in Orthopaedic surgery.

Whilst Dr. Bharat Mody was the Guru, Dr. Kshitij Mody was one of the *Shishyas* in the audience.

Welcare Hospital is at the forefront of adopting the latest technological advancements in Orthopaedic surgery. This ensures that the patients get the best possible outcomes after treatment.

## Editorial Board

**Editor**
Dr Harshida Mody
**Editorial Team**
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah
Dr Kshitij Mody

## Contact Us

Do you have any query about any medical illness? Are you in two minds about getting a medical treatment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

તબીબી સલાહ માટે અમારો સંપર્ક જરૂર કરો

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની નિ:શુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરશો.

communication@welcarehospital.co.in

**Welcare Hospital**
*Gujarat's Hospital for Special Surgeries*
Atladara-Vadsar Ring Road, Atladara, Vadodara-390012 [Gujarat]
✆ - 0265 2337172
www.welcarehospital.co.in

**Appointments**
9:00 AM to 6:00 PM
✆ 9327435570
✆ 9328921614

# Expertise & Experience Counts...

Orthopaedic surgery in general, and joint replacement surgery in particular is as much about understanding technological developments as it is about surgical skills!

A patient from UK found proof of this statement at Welcare Hospital recently. UK citizen Smt. Ramilaben Patel had undergone total knee replacement surgery more than 15 years back in the birthplace of joint replacement, which is the United Kingdom. She had received one of the earliest designs of artificial knee joints in her right knee.

In recent times Ramilaben began to experience pain again as the old prothesis was worn out. Orthopaedic Surgeons advised removing that prosthesis and replacing it with a newer one. But that was easier said, then done!

The technical complexity of the design of that artificial knee joint was such that when it came to the situation of having to remove it, the surgeons in the UK whom the patient consulted, were scratching their heads in perplexity to understand the complex joint design!

Someone advised Ramilaben to consult Dr Bharat Mody, known all over the world for his surgical expertise. Besides, he is also respected for his depth of knowledge about the *history of the evolution of artificial knee designs*.

During his years abroad Dr Mody has worked with the pioneers of this subject area.

*It was this knowledge of his, and his contacts with the pioneers that enabled him to accept the challenge of treating Smt. Ramilaben Patel and helping her walk again painfree!* This issue describes this interesting case.

## Hospital Events

We also cover in this issue other aspects of what makes an institute a healthy & living organization, in the form of Women's Day celebration, birthday celebrations and academic participations of their leading surgeons – Father-Son duo of Dr Bharat Mody & Dr Kshitij Mody.

## Corona Crisis

The human race is facing a crisis situation in the form of the global pandemic of Covid-19 viral infection. Whilst it is not going to pose an existential threat, it certainly is inflicting huge pain and loss of productivity for the entire world. India is on the verge of being included in the long list of countries where this virus has caused widespread devastation. Let us hope that we as a country are able to withstand the impact.

Please ensure that you follow safe practices and precautions to the utmost.

Welcare Family wishes you and your family safety in the coming days.

## The Welcare family celebrates its Leader's birthday !

*Dr Bharat Mody's birthday is celebrated not only by his family [Dr Harshida, Dr Kshitij & Dr Aashay] but also by his extended family of Welcare hospital!*







# ઈંગ્લેન્ડ માં જે સર્જરી શક્ય ના બની તે થઈ વેલકેર હોસ્પિટલ માં

**૨૦ વર્ષ જુના સાંધા પ્રત્યારોપણનો સાંધો ઘસાઇ ગયો હતો, પણ ત્યાના સર્જન રિવિઝન સર્જરી કરવા તૈયાર નહોતા**

રમીલાબેન વિનોદભાઈ પટેલ છેલ્લા ૨૦ વર્ષ થી ઈંગ્લેન્ડ માં રહેતા મૂળ ભારત ના વતની છે. તેમને ઘૂંટણ ના ઘસારાં ને કારણે ઈંગ્લેન્ડ માં સાંધા પ્રત્યારોપણ કરાવ્યુ હતું.

### જુના પ્રકારનો જોઇન્ટ

તે વખતેનો અત્યાધુનિક કૃત્રિમ સાંધો સર્જરી દ્વારા તેમના જમણા ઘૂંટણમાં બેસાડવામાં આવ્યો હતો. તે કૃત્રિમ સાંધામાં સાથળ અને પગ ના નળા ની અંદર સુધી એક સળિયો હતો જેથી કૃત્રિમ સાંધો વર્ષો સુધી હાડકાં સાથે બંધાયેલો રહે.

### જોઇન્ટનો ઘસારો

ઓપરેશન પછી અનેક વર્ષ રમીલાબેન દુઃખાવામુક્ત જીવન જીવ્યા. પણ ધીરે ધીરે કૃત્રિમ સાંધાની વચ્ચેનું પ્લાસ્ટિક નું પડ ઘસાઈ ગયું અને તૂટી ગયું. તેના કારણે રમીલાબેન ને ઘૂંટણમાં ફરીથી દુઃખાવો શરૂ થયો અને વધતો ગયો. એટલે રમીલાબેને ફરીથી ઈંગ્લેન્ડમાં ઓર્થોપેડિક સર્જનની સલાહ લીધી.

જોઈન્ટ ઘસાયો હતો એટલે સર્જને ફરીથી જોઈન્ટ રિપ્લેસમેન્ટ કરાવવું પડશે તેમ જણાવ્યું. પણ ત્યા એક વિઘ્ન આવ્યું.

### તકલીફ

વર્ષો પહેલાનો રમીલાબેનનો જુનો જોઈન્ટ બનાવનાર કંપનીએ તેવા જોઈન્ટ બનાવવાનું બંધ કરી દિધું હતું. તેના કારણે તે જૂના પ્રકારના કૃત્રિમ સાંધા ને કાઢવા માટે જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ નહોતી.

એટલે કોઈ સર્જન જો તે જૂનો કૃત્રિમ સાંધાંનું ઓપરેશન કરવા જાય તો તેની પાસે જોઈતા સાધન નહોતા. બીજા સાધનોથી સર્જરી કરવા જાય તો જુના સાંધાના લાંબા સળીયાના કારણે સાથળ અને પગના હાડકાં નષ્ટ થઈ શક્યા હોત.

### જુનો મોબાઈલ રિપેર ન થાય...

ખૂબ જૂનો મોબાઈલ બગડે તો રિપેરના બદલે નવો મોબાઈલ લેવાની સલાહ આપવામાં આવે છે. કારણ કંપની તેના પાર્ટ બનાવવાનું બંધ કરે છે એટલે તેના પાર્ટ મળતા નથી હોતા.

તેવીજ રીતે રમીલાબેનના પગનો કિસ્સો હતો. 'પાર્ટસ મળતા નથી'.

### ...પણ જુના કૃત્રિમ સાંધાનું શું ?

પ્રશ્ન મોબાઈલનો હોત તો તેને ફેકી દેવાય, પરંતુ માનવીના શરીરમાં લગાવેલા સાંધાનું શું ?

ઈંગ્લેન્ડ જેવા પ્રગત દેશમાંજ રિવિઝન સર્જરી કરવાની ના પાડવામાં આવી એટલે રમીલાબેન અનેક વર્ષોથી ઘૂંટણના સતત દુઃખાવાથી સાવ નાસીપાસ થઈ ગયા કારણ તેમને ઘૂંટણમાં સતત પીડા થતી હતી.

### વેલકેરમાં જાઓ...

ઈંગ્લેન્ડમાં તેમના એક સગા એ માર્ગદર્શન આપ્યું કે તમે શિયાળામાં ભારત જાઓ છો તો ત્યાં વડોદરાની વેલકેર હોસ્પિટલમાં જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડો. ભરત મોદી ની સલાહ લો કારણ ડો ભરતભાઈએ એવા અનેક મુશ્કેલ કેસીસની સફળ રીતે રિવીઝન સર્જરી કરી છે અને વિશ્વભરથી અઘરા કેસીસ તેમને મોકલવામાં આવે છે.

તે લોકોની વાતને માન આપી રમીલાબેન વેલકેર હોસ્પિટલ આવ્યા અને ડો. ભરતભાઈને મળ્યા.

### ઇંગ્લેન્ડની તાલીમનો ફાયદો

ડો. ભરતભાઈએ ચકાસણી કરી ત્યારે તેમણે જોયું કે રમીલાબેનના જમણા



પગમાં જે કૃત્રિમ સાંધો બેસાડયો હતો તેનું નામ હતું "ફ્રીમેન-સેમયુલસન" જોઈન્ટ.

જોગાનુજોગે તે સાંધાના ડિઝાઈનર ડો. ફ્રીમેન સેમયુલસન સાહેબના હાથ નીચે વર્ષો પહેલા ડો. ભરત મોદીએ સાંધા પ્રત્યારોપણની તાલીમ લીધી હતી. એટલે ડો. ભરતભાઈ "ફ્રીમેન સેમયુલસન" જોઈન્ટ ની બનાવટ ની આટીઘુટી થી વાકેફ હતા.

તદુપરાંત એ કૃત્રિમ સાંધો જે કંપની એ બનાવેલો હતો તેના મેનેજિંગ ડાયરેકટર જોડે પણ ડો. મોદી ની ઓળખાણ નીકળી. એટલે ડો. ભરતભાઈએ ઈંગ્લેન્ડ ફોન કરી તે જુના સાંધાની વિગતવાર માહિતી મેળવી લીધી.

### પૂર્વ તૈયારી

પછી ભરતભાઈએ ઓપરેશન માટે ખૂબ સૂક્ષ્મતા ભરી વ્યુહરચના કરી. પહેલા તો તે ઓપરેશન માટે જરૂરી સાધનો મંગાવ્યા. પછી જૉહ્નસન એન્ડ જૉહ્નસન કંપની પાસે રમીલાબેન માટે "ટેલર મેડ" ઈંપ્લાંટ બનાવડાવ્યા. આટલી પૂર્વતૈયારી કર્યા પછી મોદી સાહેબે રમીલાબેનનું સફળ ઓપરેશન કર્યું. આજે ૩ અઠવાડીયા પછી રમીલાબેનને ઘૂંટણમાં દુઃખાવો નથી.

અતરે જાણવા લાયક છે કે વેલકેર હોસ્પિટલમાં વિશ્વવિખ્યાત જોડ પ્રત્યારોપણ સર્જન ડો. ભરત મોદીના નેજા હેઠળ એવી અનેક ગુચવણભરી રિવિઝન સર્જરી થાય છે.

સાથે વેલકેરના ઝિરો ઇન્ફેક્શન ઓપરેશન થિએટર, અત્યાધુનિક બાયોમેડિકલ સાધનો અને ઉચ્ચ કુશળતા ધરાવતા નર્સિંગ તેમજ ટેકનિશિયન સ્ટાફના કારણે આવી સર્જરી સંપન્ન થઈ શકે છે. ઘૂંટણ, થાપા જેવા હાડકાના સર્વ રોગો ની સફળ સારવાર માટે વેલકેર હોસ્પિટલ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસંસા પામેલ છે.

વેલકેરના રિવિઝન સર્જરી દર્દી રમીલાબેને કહે છે - માનવામાં નથી આવતું કે ઈંગ્લેન્ડ જેવા વિકસિત દેશ માં પણ જે સર્જરી થઈ ન શકી તે મારા પોતાના દેશમાં અને ગુજરાત રાજ્યમાં વેલકેર હોસ્પિટલ માં થઈ ! ખરેખર વેલકેર હોસ્પિટલમાં એકદમ એડવાન્સ ઓપરેશન્સ થાય છે !



ઓપરેશન પહેલા અને પછીના એક્સ-રેમાં કૃત્રિમ સાંધા



રમીલાબેનની સર્જરી લાંબા સમય સુધી ચાલી



જુનો સાંધો ખોલ્યો ત્યારે એવો દેખાતો હતો



તેના અંદરનો પ્લાસ્ટીકનો હિસ્સો તૂટી ગયો હતો



ઘણી કુશળ મહેનત પછી નવો સાંધો બેસાડ્યો



સફળતાનો આનંદ : ઓપરેશન પછી ફિઝિયોથેરાપીસ્ટના બદલે ડો ભરતભાઈ પોતે રમીલાબેનને ચલાવે છે

# How much should we worry about Coronavirus?

## Newer information about COVID-19 comes every day, we share CDC Guidelines*

**FACT 1** Diseases can make anyone sick regardless of their race or ethnicity.

Fear and anxiety about COVID-19 can cause people to avoid or reject others even though they are not at risk for spreading the virus.

**FACT 2** For most people, the immediate risk of becoming seriously ill from the virus that causes COVID-19 is thought to be low.

Older adults and people of any age with underlying health conditions, such as diabetes, lung disease, or heart disease, are at greater risk of severe illness from COVID-19.

**FACT 3** Someone who has completed quarantine or has been released from isolation does not pose a risk of infection to other people.

For up-to-date information, visit CDC's coronavirus disease 2019 web page.

**FACT 4** There are simple things you can do to help keep yourself and others healthy.

- Wash your hands often with soap and water for at least 20 seconds, especially after blowing your nose, coughing, or sneezing; going to the bathroom; and before eating or preparing food.
- Avoid touching your eyes, nose, and mouth with unwashed hands.
- Stay home when you are sick.
- Cover your cough or sneeze with a tissue, then throw the tissue in the trash.

**FACT 5** You can help stop COVID-19 by knowing the signs and symptoms:

- Fever
- Cough
- Shortness of breath

Seek medical advice if you

- Develop symptoms

AND

- Have been in close contact with a person known to have COVID-19 or if you live in or have recently been in an area with ongoing spread of COVID-19.

CDC
www.cdc.gov/COVID19

*CDC means the Centers for Disease Control and Prevention. It is the leading national public health institute of the United States

## COLD and 'FLU Prevention

All respiratory tract infections by viruses spread through direct contact or through the air borne route; whether it is the currently deadly COVID19 Corona Virus or the seemingly innocuous Common Cold virus. Do this to prevent spreading of infection.

### Checklist

- Get a 'FLU vaccine
- Wash your hands many times
- Wipe doorknobs and light switches
- Wash your hands with hand sanitizer or soap and water
- Don't touch your face with your hands
- Cover your nose and mouth with your elbow when you sneeze or cough
- Get 7-8 hours sleep every night
- Eat a healthy diet, exercise for 30 min.
- Do yoga/meditation to de-stress
- Stay away from people who are sick
- Don't share phones and keyboards

https://www.webmd.com

## THE BIGGEST KILLERS OF MANKIND

| Disease | Peak | Death Toll | Cause |
|---|---|---|---|
| HIV/Aids Pandemic | 2005-2012 AD | 36 million | HIV/AIDS |
| 'Flu Pandemic | 1968 AD | 1 million | Influenza |
| Asian 'Flu | 1956-1958 AD | 2 million | Influenza |
| 'Flu Pandemic | 1918 AD | 20 -50 million | Influenza |
| 6th Cholera Pandemic | 1910-1911 AD | 800,000+ | Cholera |
| 'Flu Pandemic | 1889-1890 AD | 1 million | Influenza |
| 3rd Cholera Pandemic | 1852–1860 AD | 1 million | Cholera |
| The Black Death | 1346-1353 AD | 75 – 200 million | Plague |
| Plague Of Justinian | 541-542 AD | 25 million | Plague |
| Antonine Plague | 165 AD | 5 million | Unknown |

SOURCE: https://www.mphonline.org/worst-pandemics-in-history/

# CPR – કાર્ડિઓપલ્મોનારી રિસસીટેશન, કોઈનો જીવ બચાવવાની કલા

**શું આપણે પણ જીવતદાન ના દાતા બની શકીએ? ચોક્કસથી! તેનામાટે જરૂર છે CPR ની તાલીમ, જે વેલકેરમાં અપાય છે.**

આજના ઝડપી યુગ માં માનવ જાતીની જીવન શૈલી ખુબજ બદલાઈ ગઈ છે. પરિણામે આપણે જોઈએ તેટલું સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન આપતા નથી. જેના લીધે આજે મોટી ઉમર ના જ નહીં પણ યુવાનો માં પણ હાર્ટ એટેક કે સ્ટ્રોક જેવી ગંભીર બીમારી ના લીધે અચાનક મૃત્યુ થતું હોવાનું સાંભળવામાં આવતું હોય છે.

જ્યારે કોઈ પણ વ્યક્તિને આવો એટેક આવે ત્યારે ત્યારે ગણતરી ની સેકેંડો માં જ હૃદય બંધ પડી જવાથી દર્દી નું મૃત્યુ થતું હોય છે. તેને Cardiac Arrest કહેવાય છે.

આવા સમયે તજજ્ઞ તબીબી સારવાર મળે ત્યાં સુધી હાજર વ્યક્તિ જો સી.પી. આર. કરી શકે તો દર્દીને મોતના મુખ માં જતો બચાવી શકે છે. તે ઘડીએ જીવ બચે પછી દર્દીને આગળની સારવાર માટે યોગ્ય હોસ્પિટલમાં પહોચાડવામાં આવે છે.

પણ સી.પી.આર. આપવા, સી.પી. આર.ની ટ્રેનિંગ લીધેલી હોવી આવશ્યક છે. એવી ટ્રેનિંગ લીધેલી હોય, તો જ તે વખતે તમે સી.પી.આર. આપી શકો છો.

### સી.પી.આર. એટલે શું ?

સી.પી.આર. એ "એકાએક હૃદય બંધ પડી જવાની ઘટના" દરમ્યાન વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર છે. ડોકટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ સિવાય યોગ્ય તાલીમ લીધીલી વ્યક્તિ પણ સી.પી. આર. સારવાર આપી શકે છે.

હૃદય બંધ પડેલા દર્દી માટે જીવ બચાવવામાટે સી.પી.આર. એક કાર્ય પ્રણાલી છે. તેનો હેતુ હોય છે - હૃદય બંધ પડી ગયેલ વ્યક્તિ ના શરીર માં લોહીનું પરિભ્રમણ ચાલુ રાખવું. આમ કરવાથી શરીરના મગજ, કિડની, લીવર, હૃદય જેવા મહત્વના અંગોને લોહી મળતું રહે છે અને જીવ જવાનુ જોખમ ટળે છે.

આવી વ્યક્તિને જો તાત્કાલિક હોસ્પિટલ પહોચાડવામાં આવે તો તેની જિંદગી બચવાની શક્યતા વધી જાય છે.

### બધાએ સી.પી.આર. કેમ શીખવું ?

જો દરેક વ્યક્તિ સી.પી.આર. શીખેલી હોય તો Cardiac Arrestની વિકટ પરિસ્થિતી માં પોતાના પરિવાર / પાડોશી / સમાજ ના કોઈ પણ વ્યક્તિ માટે તે ખુબજ મદદરૂપ બની શકે છે.

### સી.પી.આર. કેવી રીતે આપવી ?

- સૌપ્રથમ દર્દી ને સપાટ અને નક્કર જગ્યા પર સુવડાવો
- દર્દી નો શ્વાસ ચાલે છે કે નહી, દર્દીની છાતીમાં તેમાં કોઈ હલન ચલન છે કે નહીં તે ચકાસો, તેની પલ્સ તપાસો
- જો તમને એવું લાગે કે દર્દી જીવિત હોવાના કોઈ લક્ષણો જાણતા નથી, તો તરત જ સી.પી.આર. આપવાની શરૂઆત કરો.
- દર્દીના છાતી ના વચ્ચોવચ્ચ ના ભાગમાં (ચિત્ર માં બતાવ્યા પ્રમાણે) તમારા બંને હાથ મૂકો, એક હાથ પર બીજો હાથ રાખી, બંને હાથ ના પંજા લોક કરી દબાણ આપવાનું શરૂ કરો.
- દર મિનિટ દીઠ ઓછામાં ઓછું ૮૦ થી ૧૦૦ વાર દબાણ આપો અને છોડો.
- દરેક દબાણ વખતે છાતી ૨ ઇંચ (૫ સે.મી.) દબાવી જોઈએ. જો દર્દી ભાન માં આવે તો તેને આરામદાયક સ્થિતિ માં સુવડાવી દો.

### અમેરિકામાં...

અમેરીકામાં તો દરેક ઘર દીઠ એક પુખ્ત વ્યક્તિ ને સી.પી.આર. સારવાર પદ્ધતિ આવડવી આવશ્યક મનાય છે.

### વેલકેર હોસ્પિટલમાં...

વેલકેર હોસ્પિટલમાં વેલકેરના બધા સ્ટાફને સી.પી.આર. કરવાની ટ્રેનિંગ નિયમિત આપવામાં આવે છે.

તે સિવાય બહારની વ્યક્તિઓ ને પણ આ પદ્ધતિ ની યોગ્ય તાલીમ મળી રહે તે માટે નિષ્ણાત ડૉક્ટર દ્વારા સી.પી. આર. ની નિઃશુલ્ક ટ્રેનિંગ નું આયોજન કરાય છે.

CPR એ એક ચોક્કસથી સિખવા લાયક કલા છે. જો તમને મોખો મળે તો ચોક્કસથી CPR ની તાલીમ મેળવજો.



સી.પી.આર.નું ટ્રેનિંગ મૅનેકીન અથવા ડમી પર આપવામાં આવે છે. તેના પછી દર્દીપર કામ કરવા મળે છે



વેલકેરમાં ઘણી વ્યક્તિઓએ સી.પી. આર. ની તાલીમ લીધી હતી. વધુ માહિતી : ૦૨૬૫-૨૩૩૭૧૭૨

# વેલકેર હોસ્પિટલનો સ્વાસ્થ્ય અધિકાર દિવસ

## દર મહિનાના ઘોષીત શનિવારને સ્વાસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે

Welcare Hospital
we care

નિ:શુલ્ક સેવાઓ: હાડકા અને સાંધાના રોગોનું ચેકઅપ, એક્સ-રે તપાસ અને જનરલ મેડિસીન રોગોની તપાસ. વહેલા તે પહેલા ધોરણે રજીસ્ટ્રેશન. ફોન -૦૨૬૫ ૨૩૩૭૧૭૨ સરનામું : વેલકેર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

એપોઇન્ટમેન્ટ વગર નિ:શુલ્ક તપાસ થઈ શકશે નહી

| આગામી સ્વાસ્થ્ય અધિકાર દિવસ |
|---|
| ૪ એપ્રિલ ૨૦૨૦ |
| ૨ મે ૨૦૨૦ |

## ડૉ ક્ષિતિજ મોદી દ્વારા નિ:શુલ્ક તપાસ



રવિવાર તા. ૨૩ ફેબ.ના રોજ વેલકેર હોસ્પિટલ દ્વારા તરસાલી વિસ્તારમાં નિ:શુલ્ક ઓર્થોપિડિક તપાસ કેમ્પનું આયોજન કરાયું હતું જેમાં ડૉ ક્ષિતિજ મોદી સહિત વેલકેરની ટિમ દ્વારા હાડકાના દર્દીઓને માર્ગદર્શન અપાયું.

## Women's day Celebrations



*Women are the main strength of Welcare Hospital and so like every year the women's day was heartily celebrated !*

## વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી

૧૪ ફેબ્રુઆરીની રોજ ડૉ ક્ષિતિજ મોદીએ તેમના રાઉંડ દરમ્યાન દર્દીઓને ગુલાબનુ ફૂલ આપી અલગ રીતે વેલેન્ટાઈન ડે ઉજવ્યો હતો. દર્દીઓ આશ્ચર્ય લાગ્યું અને આનંદ પણ થયો... વેલકેર હોસ્પિટલનો સિદ્ધાંત છે હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ખુશ તો રાખવા જ પડે ! અને ખરેખર હસતા દર્દી જલ્દી સાજા પણ થઈ જાય છે. એટલેજ આજનો મંત્ર છે - સ્વચ્છ રહો, ખુશ રહો, અને તંદુરસ્ત રહો...





# Book Post

To

**If undeliverable, please return to**
The Editor, Welcare Today
**Welcare Hospital**
Atladara-Vadsar Ring Road, Atladara,
Vadodara-390012 [Gujarat]
☎ - 0265 2337172
www.welcarehospital.co.in

Edited, Printed & Published by Dr Harshida B Mody
Welcare Hospital, Atladara-Vadsar Ring Road, Atladara, Vadodara-390012 [Gujarat] ☎ - 0265 2337172
Printed at Print Vision Pvt Ltd, Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006